# સાબરકાંઠાનું ધો. ૧૦નું ૬૩.૦૪ ટકા પરિણામ

## સૌથી વધુ અભાપુર કેન્દ્રનું ૮૦.૩૬ અને ઈડરના નવારેવાસ કેન્દ્રનું સૌથી ઓછુ ૪૫.૫૦ ટકા : જિલ્લામાં ૭૦ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો

હિંમતનગર, તા. ૨૧

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો. ૧૦ની પરીક્ષાનું પરીણામ મંગળવારે જાહેર થયુ છે. ત્યારે તેમાં સાબરકાંઠાના ૩૪ કેન્દ્રો પર લેવાયેલી પરીક્ષા બાદ આખા જિલ્લાનું પરીણામ ૬૩.૦૪ ટકા આવ્યું છે. જે ગત વર્ષ કરતા ૨.૯૧ ટકા વધારે છે. આ વર્ષે જિલ્લામાં ધો. ૧૦ના પરીણામમાં વિજયનગર તાલુકાના અભાપુર કેન્દ્રએ મોખરે રહીને ૮૦.૩૬ ટકા પરીણામ હાંસલ કર્યુ છે. જ્યારે સૌથી ઓછુ પરીણામ ઈડર તાલુકાના નવારેવાસ કેન્દ્રનું ૪૫.૫૦ ટકા આવ્યુ છે. ધો. ૧૦નું આ વર્ષે જાહેર થયેલા પરીણામમાં જિલ્લાના ૭૦ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેવીને ગામનું તથા શાળાનું નામ ઉજ્જવળ કર્યુ છે.

ગત માર્ચ માસમાં માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો. ૧૦ની પરીક્ષા જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહિત ૩૪ કેન્દ્રો પર સીસીટીવી કેમેરાની બાજ નજર હેઠળ શાંતિપૂર્ણ રીતે લેવાયા બાદ તેનુ પરીણામ મંગળવારે બોર્ડની વેબસાઈટ પર પ્રસિદ્ધ થયુ હતુ જેથી મોટાભાગના વિદ્યાર્થીઓએ પોતાનું પરીણામ મોબાઈલ પર નેટના માધ્યમથી જાણી લીધા બાદ એક બીજાને શુભેચ્છાઓ પાઠવી હતી. શિક્ષણ વિભાગના જણાવાયા મુજબ આ વર્ષે સાબરકાંઠામાં ધો. ૧૦માં કુલ ૨૦૦૦૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જેમણે વિવિધ કેન્દ્રો પર પરીક્ષા આપવા માટે તૈયારીઓ કરી લીધી હતી. પરંતુ ધો. ૧૦ની પરીક્ષામાં કુલ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી ૧૯૮૩૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા પરીણામ જાહેર થતા આ વર્ષે જિલ્લામાં કુલ ૭૦ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે જ્યારે ૧૨૫૦૭ વિદ્યાર્થીઓ ઈક્યુસી ગ્રેડમાં આવ્યા છે. પરીણામની વાત કરીએ તો સાબરકાંઠામાં ચાર સ્કૂલોએ ૦ ટકા રીઝલ્ટ મેળવ્યુ છે જે ગત વર્ષ કરતા ઓછી છે. ગત વર્ષે ૦ ટકા પરીણામ મેળવનારી શાળાઓની સંખ્યા ૭ હતી.

૮ શાળાઓએ ૧૦૦ ટકા પરીણામ મેળવ્યુ છે જ્યારે ૩૦ ટકાથી ઓછુ પરીણામ મેળવનાર શાળાઓની સંખ્યા ૩૬ની થવા જાય છે. જોકે શિક્ષણક્ષેત્રે ખુબજ વખણાતા હિંમતનગર શહેરમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓ તથા ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો દેખાવ સરેરાશ સંતોષકારક ન હોવાનું કેટલાક વાલીઓએ જણાવ્યુ હતુ. તેમ છતાં ધો. ૧૦નું પરીણામ જાહેર થતાની સાથે જ કેટલીક ખાનગી શાળાઓ હોંશિયાર વિદ્યાર્થીઓને પોતાની શાળામાં પ્રવેશ લેવા માટે સંપર્ક કરી રહ્યા છે. તો બીજી તરફ ખાનગી શાળાઓની ફીનું ધોરણ ખુબજ ઉંચુ હોવાને કારણે વિદ્યાર્થી ભલે હોંશિયાર હોય પણ તેના પરીવારની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે વાલીઓ મોંઘી ફી ભરવા માટે વિચાર કરતા પણ ખચકાઈ રહ્યા છે તેમ છતાં આખરે કોચીંગ ક્લાસ અને ખાનગી ટ્યુશન ચલાવતા સંચાલકો ગમે તેવી લોભ લાલચ આપીને આવા વિદ્યાર્થીઓને આકર્ષવા માટે વિવિધ તરકીબો અજમાવી રહ્યા છે. વાલીઓનું કહેવુ છે કે સરકારે શિક્ષણને વેપાર તરીકે નહી પણ વિનામુલ્યે કરીને હોંશિયાર વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી ઉજ્જવળ બનાવવા માટે વધુ સારી સગવડો મળે તે દિશામાં વિચાર કરવાનો સમય આવી ગયો છે.

## પ્રાંતિજ ખાતે વોટસોપના માધ્યમથી કોલેજ ગ્રુપ ભેગુ થયું

### ૨૦ વર્ષ બાદ કોલેજ મિત્રો ભેગા થયા : હોટલ કે પાર્ટીપ્લોટ કે થિયેટરોમાં ભેગા થવાને બદલે વૃદ્ધાશ્રમમાં ભેગા થયા : વૃધ્ધોને ભોજન પીરસી વૃદ્ધાશ્રમમાં એક દિવસ મિત્રો સાથે વિતાવ્યો

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર આર એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૨૦ વર્ષ પહેલા સાથે ફાળવીને બધા ભેગા થયા. ભેગા પણ એવી જગ્યાએ થયા કે જેની કોઈએ કલ્પના પણ નહી કરી હોય કે કોલેજ પુરી થયા પછી વિખુટા પડેલા મિત્રો વીસ વર્ષ બાદ ફરી ભેગા થશે. કોલેજ ગ્રુપના છ મિત્રો સીમા પટેલ, ભાવના મોદી, સોનલ મોદી, મહેન્દ્ર પટેલ, રણછોડ પટેલ, નિલેશ ભાવસાર વોટશેપના માધ્યમથી એકબીજાના મિત્રોનો વીસ વર્ષ પછી સંપર્ક કરી નજીક આવ્યા અને વીસ વર્ષે બાદ કોલેજ ગ્રુપના મિત્રોના પરિવાર સાથે મળવાનું નક્કી કર્યુ હતુ. આ કોલેજ ગ્રુપ દ્વારા હાઈફાઈ હોટલ કે પાર્ટી પ્લોટોમાં કે થિયેટરોમાં મળવાને બદલે પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ શ્રી માર્કેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ વૃધ્ધાશ્રમમાં મળવાનું નક્કી કર્યુ અને વુધ્ધોને ભોજન પીરસી વૃધ્ધાશ્રમમાં કાચુ ભોજન કિટ પણ આપી અને એક



કોલેજ કરતા મિત્રો વોટશોપની મદદથી વીસ વર્ષ પછી ભેગા થયા. કોઈ ફાઈસ સ્ટાર હોટલ, પાર્ટી પ્લોટ કે થિયેટરોમાં ભેગા થવાને બદલે પ્રાંતિજ ખાતે આવેલ વૃધ્ધાશ્રમમાં ભેગા થયા અને વુધ્ધાશ્રમમાં એક દિવસ વિતાવ્યો હતો. વૃદ્ધોને ભોજન પણ પીરસ્યું હતુ.



હાલ મોડન જમાનો છે અને મોડન જમાનામાં લોકો ધંધા રોજગાર નોકરીમા તો એક પણ દિવસનો ટાઈમ મળતો નથી અને કોલેજજીવન ભુલીને મિત્રતા પણ ખોઈ બેસે છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે અન્ય મિત્રોને ઉત્સાહ આપતુ કોલેજ ગ્રુપ દ્વારા ૨૦ વર્ષે ભેગા મળ્યા તો કોઈ હોટલ કે પાર્ટી પ્લોટમાં કે થિયેટરોમાં ભેગાં થવાને બદલે બધા મિત્રોએ વૃધ્ધાશ્રમમાં ભેગા થયા અને વૃધ્ધાશ્રમમાં એક દિવસ વિતાવ્યો હતો. પોતાના હાથે વૃધ્ધાશ્રમના વૃધ્ધોને ભોજન પણ પીરસ્યું હતુ. આજના નવા કોલેજ ગ્રુપો માટે શિખ હોય તેમ કહીએ તો નવાઈ નહી. સાથે કોલેજ કરતા મિત્રો કોઈને કોઈ ધંધા કે વેપારમાં જોતરાયેલા હોય છે. જેથી એકબીજાને મળવાનો સમય કે પછી કોઈ કોન્ટેક્ટ ના હોવાથી મળી શકતા નથી. પ્રાંતિજ કોલેજ ગ્રુપના મિત્રો વોટશેપને લઈને ભેગા થયા અને ફરી પરીચયમાં આવ્યાં ને સમય બીજા મિત્રો સાથે દિવસ દરમ્યાન મિત્રો પરિચય પરિવાર પરિચય સાથે ગરબા, રમતો જેવા કાર્યક્રમો યોજયા હતા. કોલેજ ગ્રુપના મિત્રો અનિવાર્ય સંજોગોના કારણે આવી ના શકતા તેવા મિત્રોને પણ કોલેજ ગ્રુપના મિત્રો દ્વારા યાદ કર્યા હતાં. વૃધ્ધાશ્રમના સંચાલક ટ્રસ્ટી વિભાષભાઈ તથા વૃધ્ધાશ્રમમાં વ્યવસ્થા સ્થાપક નિતીનભાઈનો પણ કોલેજ ગ્રુપ દ્વારા આભાર માન્યો હતો. બધા મિત્રોએ એક સાથે ભેગા મળી કેક કાપી બધાજ મિત્રોના એક હાથે જન્મદિનની ઉજવ્યો હતો. વીસ વર્ષ બાદ મળેલા મિત્રોના એક બીજાના ચહેરા ઉપર સ્મિતની સાથે ખુશી જોવા મળી હતી.

### પ્રાંતિજ સમસ્ત બ્રહ્મસમાજ આયોજિત અગિયારમો

## સમૂહ યજ્ઞોપવિત તથા બ્રહ્મ સમાજ ચોર્યાસી કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમૂહયજ્ઞો બટુકોએ શાસ્ત્રોક વિધિવત જનોઈ ધારણ કરી હતી. જયારે દાતાઓ દ્વારા બટુકોને તથા સમાજમાં દાન આપવામાં આવ્યું હતુ અને કરવામાં આવ્યું હતું ને પ્રાંતિજ ખાતે રહેતા સમ્રગ બ્રહ્મસમાજના લોકોએ સાથે ભોજન પણ લીધી હતું.

જયારે બ્રહ્મસમાજના



પવિત તથા બ્રહ્મસમાજ ચોર્યાસી તા.૧૯-૫-૨૦૧૯ને રવિવારના રોજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાઈ ગયો.

પ્રાંતિજ ખાતે આવેલ સમસ્ત બ્રાહ્મણ સમાજ દ્વારા અગિયારમો સમૂહ યજ્ઞો પવિત જનોઈ તથા બ્રાહ્મણ સમાજ ચોર્યાસી કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં ભવ્ય, મીત, રૂદ્ર, મન એમ ચાર બ્રહ્મસમાજ દ્વારા આ પ્રસંગે દાંતાઓનું ફુલહાર અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

જયારે પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા સમસ્ત બ્રહ્મસમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને જનોઈ ધારણ કરનાર બટુકોને આશીર્વાદ તથા ભેટ સોંગાદો આપી હતી. જયારે સમસ્ત બ્રહ્મસમાજ ચોર્યાસીનું પણ આયોજન પ્રમુખ પ્રકાશભાઈ જોષી, મહામંત્રી પ્રયાગકુમાર એન. ત્રિવેદી, ઉપપ્રમુખ યોગેશભાઈ રાવલ, ઉપપ્રમુખ શંભુભાઈ રાવલ, મંત્રી સુશીલકુમાર એન.પંડયા, મંત્રી અરવિંદભાઈ ડી. રાવલ, કોષાધ્યકશ જીજ્ઞેશભાઈ એમ. જોષી, કારોબારી સભ્યો મધુભાઈ રાવલ, જયંતિભાઈ ત્રિવેદી, ભાનુભાઈ રાવલે ભારે જહેમત ઉઠાવી સમ્રગ કાર્યક્રમ સુંદર રીતે આયોજન કર્યુ હતું.

## કે.બી. દેસાઈ અર્બુદા માધ્યમિક શાળા ગુજરાતી માધ્યમ ઈડરનું એસએસસીનું ઉત્કૃષ્ઠ પરિણામ

ઈડર, તા. ૨૧

શ્રી કે.બી. દેસાઈ અર્બુદા માધ્યમિક શાળા ગુજરાતી માધ્યમમાં ઉત્તીર્ણ થનાર ૧૦૦ ટકા વિદ્યાર્થીઓએ ૫૦ ટકા ઉપર પર્સન્ટાઈલ રેન્ક મેળવેલ છે. જેમાંથી ૨૯.૪૧ ટકા વિદ્યાર્થીઓએ ૯૦ થી ઉપર, ૭૦.૫૮ ટકા વિદ્યાર્થીઓએ ૮૦ થી ઉપર, ૮૮.૨૩ ટકા વિદ્યાર્થીઓએ ૭૦ થી ઉપર પર્સન્ટાઈલ રેન્ક મેળવી છે. જેમાં પ્રાચી દેસાઈએ ૯૯.૬૭, હેત્વી વ્યાસે ૯૮.૨૯, વૈદેહી ચૌધરીએ ૯૫.૬૯, ભાર્ગવી ચૌધરીએ ૯૫.૨૯ અને જીયા આચાર્યએ ૯૨.૨ પર્સન્ટાઈલ રેન્ક મેળવ્યા છે. સ્કૂલ પરિવાર વતી તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપવામાં આવ્યા છે. ઈડર આંજણા પાટીદાર હિતવર્ધક મંડળે ઉત્તીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને ખાસ અભિનંદન આપ્યા હતા. કે.બી. દેસાઈ અર્બુદા શાળાનું સંચાલન યુનિક-યુ સ્કૂલ કરી રહી છે.

## પડલાઈની સગીરાનું અપહરણ કરાતા ફરીયાદ

હિંમતનગર, તા. ૨૧

વિજયનગર તાલુકાના પડલાઈ ગામની એક સગીરાનું સોમવારે ખેરવાડા તાલુકાના ડેરી ગામના એક શખ્સે અપહરણ કરી લઈ ગયાની ફરીયાદ વિજયનગર પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે પડલાઈ ગામના સગીરાના પિતાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ સોમવારે ઉદેપુર જિલ્લાના ખેરવાડા તાલુકાના ડેરી ગામના અજયભાઈ પ્રકાશભાઈ ગરાસીયા તેમની દિકરીને ગુનાહીત ઈરાદાથી ભગાડી અપહરણ કરીને લઈ ગયો હતો જે અંગે સગીરાના પિતાએ તપાસ કરવા છતા પોતાની પુત્રીનો કોઈ પત્તો ન મળતા આખરે તેમણે ડેરી ગામના અજયભાઈ ગરાસીયા વિરૂદ્ધ સોમવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

## ભિલોડાના સુનસર ગામમાં સત્યનારાયણ ભગવાનની કથા અને લઘુરૂદ્ર યોજાયો

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શેર ગામ સુનસરમાં સુનસર બ્રાહ્મણ યુવક મંડળ,મુંબઈ-સુનસર આયોજીત નવયુવાન બ્રાહ્મણો અને ગ્રામજનોના સહયોગથી સત્યનારાયણ ભગવાનની ભવ્ય કથા, રાત્રે ભજન સંધ્યા અને સુનસર ગામની પાદરે આવેલા ઝબલેશ્વર મહાદેવ મંદીરમાં શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે લઘુરૂદ્ર રંગેચંગે સંપન્ન થયો હતો.

લગુરૂદ્રની પુર્ણાહુતિ ભક્તિભાવ પુર્વક યોજાઈ હતી. દર્શનાર્થે ભાવિક ભક્તો ઉમટ્યા હતા. દર્શનાર્થીઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. ભોળા શંકર ભગવાન શિવ આષુતોષના દર્શન કરી આશિર્વાદ મેળવી ભાવિક ભક્તોએ ધન્યતા અનુભવી હતી. સત્યનારાયણ ભગવાનની કથા, લગુરૂદ્ર એટલે કે હર અને હરિનો સંગમ હોય છે. સુનસર બ્રાહ્મણ યુવક મંડળ, મુંબઈ-સુનસર, કારોબારી સભ્યો, સુનસર ગ્રામજનોએ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ભિલોડા તાલુકાના શેર ગામ સુનસર ગામના શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજ અગ્રણી આગેવાનો મુંબઈથી ઉપસ્થિત રહ્યા હતા.

## ગેલેક્સી સ્કૂલ ઓફ સાયન્સ વડગામનું ધો-૧૦નું ૯૨.૦૬ ટકા પરિણામ

વડગામ તાલુકા મથકે આવેલ ગેલેક્સી સ્કૂલ ઓફ



સાયન્સ વડગામ માં ધોરણ ૧૦ બોર્ડ ની આ વર્ષે લેવાયેલ પરિક્ષા માં કુલ ૬૩ વિધાર્થીઓ એ પરિક્ષા આપી હતી જેમાં ૫૮ વિધાર્થીઓ પાસ થયા ૫ વિધાર્થીઓ નાપાસ થતાં શાળા નું કુલ ૯૯.૦૬ ટકા પરિણામ આવ્યું છે.

જેમાં શાળા માં પ્રથમ ક્રમે ચૌધરી સૃષ્ટિ હરિભાઈ ૯૯.૭૩ ની.આર. મેળવી શાળા પરિવાર નું નામ રોશન કર્યું છે જ્યારે સોલંકી વિનયકુમાર સુરેશભાઈ ૯૯.૫૧પી.આર મેળવ્યા છે વિનય સોલંકી ના પિતા એક ખાનગી નોકરી કરીને ઘર પરિવાર નું ગુજરાન ચલાવી રહ્યા છે આ ગરીબ પરિવાર ના યુવકે શાળા પરિવાર સાથે સમાજ નું પણ નામ રોશન કર્યું છે વડગામ માં આવેલ કેસરબા જાડેજા સ્કૂલ નું ધો ૧૦ નું પરિણામ ૮૮.૫૨ ટકા આવવા પામ્યું છે કેસરના સ્કૂલ ના ૬૧



વિધાર્થીઓ પરીક્ષા માં બેઠ્યા હતાં જેમાં ૭ વિધાર્થીઓ પાસ થવા પામ્યા હોવાનું શાળા ના નિયામક કાનજીભાઈ ચૌધરી એ જણાવ્યું હતું.



**વિજયનગર તાલુકા પંચાયત કચેરી સામે પીવાના પાણીની ટાંકીમાંથી રોજે રોજ પાણીનો વેડફાટ**

વિજયનગર તાલુકા પંચાયત કચેરી સામે પીવાના પાણીની ટાંકીમાંથી રોજે રોજ પાણી વેડફાઈ રહ્યું છે પરંતુ વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ, સત્તાધીશો આંખ આડા કાન કરી રહ્યા છે. ઉનાળાની ઋતુ દરમ્યાન એક બાજુ પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે ત્યારે બીજી બાજુ તાલુકા પંચાયત કચેરી સામે પીવાનું પાણી વેડફાઈ રહ્યું હોવાનું જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું.



**માલપુર બજરંગદાસબાપાની મઢુલી ખાતે પાટોત્સવની ઉજવણીમાં ભક્તો ઉમટ્યા**

સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ બગદાણા ધામ બિરાજમાન બાપા સિતારામના અનેક પરચા જોવા મળ્યા છે અને એમની સુવાસ સમગ્ર ગુજરાત રાજ્ય અને દેશભરમાં જોવા મળી છે. ત્યારે માલપુર ગામે પણ બજરંગદાસ બાપાની સ્થાનિક ભક્તોના સહયોગથી બાપાની મઢી બનાવેલ છે. ત્યારે બાપાની મઢી સ્થાપના દિવસ પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પાટોત્સવમાં વૈદિક ભૂદેવો દ્વારા હવન કરવામાં આવ્યું. દૂર દૂરથી ભક્તો દર્શન કરવા ઉમટી પડ્યા હતા અને દર્શન પ્રસાદનો લાભ લીધો હતો. દર ગુરુવારે માલપુર ખાતે આવેલ બાપાની મઢીએ અસંખ્ય ભક્તો ઉમટી પડે છે અને બાપા સિતારામ તમામની મનોકામના પૂર્ણ કરે છે.

### ધનસુરાના વડાગામે પરણિત યુવકને તેની

## પત્નીને તેડી લાવવા દબાણ કરતા માતા પિતા પર યુવકના હુમલામાં પિતાનું મોત

ધનસુરાના વડાગામના રાવળ વાસમાં નરાધમ પુત્રે તેની પત્નીને તેડી લાવવા જેવી સામાન્ય બાબતમાં તેના માતા-પિતા પર બેરહેમીપૂર્વક કપડાં ધોવાના ધોકા વડે હુમલો કરતા ખૂની ખેલ ખેલાયો હતો, જેમાં પિતાના માથાના ભાગે ધોકાનો ઘા કરતા પિતા ઘર વચ્ચે ફસડાઈ જતા ઘરમાં જ મોતને ભેટ્યા હતા. માતાના શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે ધનસુરા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પુત્રએ પિતાની હત્યા કરતા સનસનીખેજ ઘટનાની જાણ ધનસુરા પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકને પીએમ માટે ખસેડી હત્યારા પુત્રને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વડગામમાં રાવળ વાસમાં રહેતા અને કડિયાકામ કરી જીવનિર્વાહ ચલાવતા નાનજીભાઈ ઉકળભાઈ વસાવા (ઉં.વર્ષ-૭૨) તથા તેમના પત્ની સવિતાબેન (ઉં.વર્ષ-૭૦) તેમના પુત્રો સાથે રહેતા હતા. તેમના બીજા નંબરના પુત્ર અશ્વિન વસાવાના લગ્ન કરાવ્યા પછી ચાર બાળકોનો પિતા બન્યા પછી તેના ઝગડાળુ સ્વભાવના પગલે પત્ની રિસાઈને ૪ બાળકો સાથે પિયર જતી રહેતા અશ્વિનને તેના માતા-પિતાએ પત્નીને તેડી લાવવા દબાણ કરતા અશ્વિન અચાનક ઉશ્કેરાઈ જઈ કપડાં ધોવાના ધોકા વડે બેરહેમીપૂર્વક માતા-પિતા પર તૂટી પડતા તેના પિતા નાનજી ભાઈ ઉકળભાઈને માથાના ભાગે જીવલેણ ફટકા મારતા ઘર વચ્ચે લોહીલુહાણ હાલતમાં ફસડાઈ જતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું.

## દેવનીમોરીમાં બુદ્ધ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી પાસે આવેલ દેવનીમોરી ગામમાં ૨૧મી સદીમાં સૌ-પ્રથમવાર બુધ્ધ પુર્ણિમા મહોત્સવ ધામધુમ પુર્વક ઉજવાયો હતો.વિશ્વ ફલક ઉપર ભારતને વિશ્વગુરૂ તરીકે ઓળખ આપનાર ભગવાન તથાગત સિધ્ધાર્થ ગૌતમ બુધ્ધની ૨૫૭૧મી જન્મજયંતી નિમિત્તે બુધ્ધ પુર્ણિમા જયંતી ઉજવણી યોજાઈ હતી. બૌધ્ધીસ્ટોએ જણાવ્યું હતું કે દેવનીમોરી ખાતે ૧૮૦૦ વર્ષ બાદ પ્રથમ વાર ઐતિહાસિક પ્રસંગ યોજાયો હતો.વૈશાખી પુર્ણિમા ના દિને બુધ્ધ પુર્ણિમા દિનની ઉજવણી યોજાઈ હતી.

## ભિલોડા તાલુકાના ઉબસલ ગામના બી.એસ.એફ. જવાનના બેંક એકાઉન્ટમાંથી ૮૦ હજાર ઉપડતાં ચકચાર

ભિલોડા,તા.૨૧

ભિલોડા તાલુકાના ઉબસલ ગામના બી.એસ.એફ. જવાનના બેંક એકાઉન્ટમાંથી રૂા.૮૦,૦૦૦/- ઉપડતાં ચકચાર મચી જવા પામી છે.ઉબસલ ગામના અને હાલ દિલ્હી ખાતે બી.એસ.એફ.માં ફરજ બજાવતા જવાનના એસ.બી. આઈ.ના બેંક એકાઉન્ટમાંથી રૂા.૮૦,૦૦૦/- ૪૮ કલાકના સમયગાળામાં એકાએક ઉપડી ગયા છે. બી.એસ.એફ.ના જવાને સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા,બડોલી શાખા અને ઈડર પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી ન્યાય મેળવવા માંગણી કરી છે. ડિઝીટલ બેંકીંગ સેવા એકદંરે ગ્રાહકો માટે આશીર્વાદ રૂપ છે પરંતુ ક્યારેક ક્યારેક પડકારજનક પુરવાર થાય છે. બેંકોના એ.ટી.એમ.કાર્ડ ધરાવતા અમુક ગ્રાહકો ઓન લાઈન ફ્રોડનો ભોગ બની રહ્યા છે. ભિલોડા તાલુકાના ઉબસલ ગામના રહેવાસી હર્ષદભાઈ બચુભાઈ ચોલવીયા, દિલ્હી ખાતે બી. એસ. એફ.માં ફરજ બજાવે છે. બી. એસ. એફ.જવાન માદરે વતન ઉબસલમાં ઘર બનાવવા માટે જી.પી.એફ. ઉપાડી બેંક એકાઉન્ટમાં રૂપિયા જમા કરાવી ૨૦ મી એપ્રિલે માદરે વતન ઉબસલમાં આવ્યા હતા.

ભિલોડા ખાતે ઈલેકટ્રોનિકસની દુકાનમાંથી ૧ મે ના રોજ એ.ટી.એમ. મારફતે એર કુલર ખરીદી કર્યા બાદ ૨ મે ના રોજ કોઈ અજાણ્યા ઈસમે રૂા.૪૦,૦૦૦/- રોકડા એ. ટી. એમ. મારફતે ખંખેરી લીધા હતા. ૩ મે ના રોજ અનિતાકુમારી નામની મહિલાના બેંક એકાઉન્ટમાં રૂપિયા ટ્રાન્સફર કરી ઓન લાઈન છેતરપીંડી કરતાં ૪૮ કલાકના સમયગાળામાં બી.એસ.એફ. જવાનના બેંક એકાઉન્ટમાંથી રૂા.૮૦,૦૦૦/- ઉપડયા હોવા છતાં એક પણ મેસેજ મોબાઈલમાં ન આવતાં સમગ્ર ઘટનાથી અજાણ બી.એસ.એફ. જવાનને ૧૧મી મે ના રોજ રૂપિયાની જરૂરીયાત હોઈ એ.ટી.એમ. મારફતે રૂપિયા ઉપાડવા ગયા ત્યારે જવાનને ખબર પડી કે રૂા.૮૦,૦૦૦/- કોઈ અજાણ્યા ઈસમે બારોબાર ઉપાડી લેતાં બી.એસ.એફ. જવાન ભારે મુંઝવણમાં મુંકાઈ ગયા હતા. બી.એસ.એફ.જવાને એસ. બી. આઈ.ના જવાબદાર અધિકારીઓ, ઈડર પોલીસ સ્ટેશનમાં લેખિત રજુઆત કરવા છતાં રૂપિયા પરત ન મળતાં બી.એસ.એફ. જવાન બેંક અને પોલીસના ચક્કર કાપી રહ્યા છે.